જા.નં. મા-૨/૨૦૧૯/૨૨૦૧૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૩/૦૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક,માધ્યમિક અને ઉ.મા શાળાઓ તરફ

**વિષય**:-ELECTORS VERIFICATION PROGRAMM (EVP)
નો પ્રોગ્રામ બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે તા.૦૧/૦૯/૨૦૧૯ના રોજની મા.કલેકટરશ્રી,સુરતની અધ્યક્ષતામાં ELECTORS VERIFICATION PROGRAMM (EVP) ની જાહેરાત કરવામાં આવી. જેનાં સંદર્ભમા પ્રથમ તબકકે સરકારી/અર્ધસરકારી કચેરીઓના અધિકારી/કર્મચારીઓએ પોતાના એન્ડ્રોઇડ મોબાઇલ/કોમ્પ્યુતર પર ઉકત એપ ડાઉનલોડ કરી મતદાર યાદીમાં પોતાની તથા પોતાના કુટુંબીજનોની તમામ વિગતો જેવી કે નામ, જન્મ તારીખ,જાતી,સંબંધ,સરનામું,ફોટો વિગેરેની ચકાસણી કરવાની રહે છે. જો આ વિગતોમાં કોઇ ભુલ અથવા ફેરફાર જરૂર હોય તો સુધારેલ વિગતો આપી કોઇ પણ એક માન્ય ઓળખ દસ્તાવેજ અપલોડ કરી ચકાસણી કર્યા બદલનું પ્રમાણપત્ર રજુ કરવા જણાવેલ છે.

જેથી શાળાના તમામ કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની વિગતોની ચકાસણી કરી જરૂરી સુધારા કરેલ છે, તે બાબતનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ તે બાબતનું સંકલિત પ્રમાણપત્ર તા.૦૫/૦૯/૨૦૧૯ના રોજ સાંજે ૫ : ૦૦ કલાક સુધીમાં હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં **Email:** **suratdeo@gmail.com** પર ઇ-મેઇલ થી મોકલી આપવા જણાવવામાં આવે છે.

સદરહુ કામગીરી WWW.nvsp.in અથવા Voter help line મોબાઇલ એપલીકેશન “Google play store” અથવા “ Apple play Store ” પરથી ડાઉનલોડ કરી શકાશે.જેની વિગતવાર માહિતી આ સાથે સામેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

Scanned by CamScanner

# <u>મતદાર ચકાસણી કાર્યક્રમ (ઈલેક્ટર્સ વેરીફિકેશન પ્રોગ્રામ)</u>

## <u>વેરીફિકેશન બાય મોબાઈલ એપ</u>

- પ્રથમ ગુગલ પ્લે સ્ટોર પરથી " Voter Helpline " એપ્લીકેશન ડાઉનલોડ કરો.
- ત્યાર બાદ હોમ પેજ પર દર્શાવેલ " EVP Programme " પર ક્લીક કરો.
- આપનો મોબાઈલ નંબર દાખલ કરી સેન્ડ ઓ.ટી.પી બટન દબાવો
- ઓ.ટી.પી મળ્યેથી ઓ.ટી.પી. દાખલ કરી આગળ વધો.
- નીચે આપેલ ત્રણ વિકલ્પો પૈકી અનુકુળ વિકલ્પ પસંદ કરી આપની વિગતોની ચકાસણી કરો.
  - ૧. પીવીસી એપીક કાર્ડ ધરાવતા હોય તો તે કાર્ડ પરનું બારકોડ સ્કેન કરો.
  - ૨. આપનું નામ, ઉંમર, મતદાર વિભાગ વિ. વિગતો નાંખીને આપનું નામ સર્ચ કરો.
  - ૩. ચૂંટણી કાર્ડના નંબર નાખીને આપની વિગતો સર્ચ કરો.
- મોબાઈલની સ્ક્રીન પર આપના જેવા નામ ધરાવતા દરેક વ્યક્તિ જોવા મળશે. જે પૈકી આપનું નામ શોધી તેની સામેના ખુણામાં આપેલ વાદળી કલરના (its me) લખેલ બટન પર ક્લીક કરો.
- આપના નામની ફોટો સાથેની વિગતો ખુલશે. જેમાં ચકાસણી સમયે જો વિગતો સુધારવાની જરૂરીયાત જણાય તો તે વિગતની બાજુમાં દર્શાવેલ એડીટ બટન પર ક્લીક કરી જરૂરી વિગતો સુધારી લેવી તથા ત્યારબાદ વેરીફાઈ બટન પર ક્લીક કરવુ.
- ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવેલ નીચે પૈકીના કોઈ પુરાવાને અપલોડ કરો
  - ૧. ભારતીય પાસપોર્ટ
  - ૨. ડ્રાઈવીંગ લાયસન્સ
  - ૩. આધારકાર્ડ
  - ૪. રેશનકાર્ડ
  - ૫. સરકારી / અર્ધ સરકારી કર્મચારીનું ઓળખપત્ર
  - ૬. બેન્ક પાસબુક
  - ૭. ખેડુતનું ઓળખપત્ર
  - ૮. ચૂંટણી પંચ દ્વારા માન્ય અન્ય કોઈપણ દસ્તાવેજ
- ચૂંટણી ફોટો ઓળખપત્રનો નંબર મોબાઈલ નંબર સાથે લીંક કરી શકાશે.
- આ મુજબ જ આપ આપના કુંટુંબના સભ્યોની વિગતો પણ સુધારી શકાશે.

Scanned by CamScanner